

ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપે પ્રચાર માટે જરાય કમી ન આવે તેવી વ્યવસ્થાઓ ગોઠવી દીધી છે. દિલ્હીથી આવનાર સ્ટાર પ્રચારકો ઓછા સમયમાં વિવિધ સ્થળોએ મહત્તમ સભાઓ યોજી શકે અને કાર્યક્રમોમાં ભાગ લઈ શકે તે માટે ખાનગી કંપનીનુ હેલીકોપ્ટર મંગાવવામાં આવ્યુ છે.

# ભાજપ-કોંગ્રેસના નારાજ કાર્યકરોને મનાવી લેવા ડેમેજ કંટ્રોલ હાથ ધરાયું

## ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરતા જ નારાજગીનો ચરૂ ઉકળી ઉઠ્યો : નારાજ દિગ્ગજો અને કાર્યકરોને મનાવી લેવા પ્રદેશના આગેવાનો જોતરાયા

ગાંધીનગર, તા. ૧૨

જેની અપેક્ષા હતી જ તે નારાજગી બહાર આવી રહી છે. ભાજપે ૧૬૬ ઉમેદવારોની અને કોંગ્રેસે ૯૬ ઉમેદવારોની યાદી જાહેર કરતા જ ઠેર ઠેર ઉકળતા ચરૂ જેવી સ્થિતિ સર્જાઈ છે. જૂના જોગીઓને જ્યાં જ્યાં ટીકીટ નથી મળી તે બેઠકો પર ખૂબ વિરોધ થઈ રહ્યો છે. આજે આખો દિવસ પક્ષના નારાજ કાર્યકરોને મનાવી લેવા બંને મોટા રાજકીય પક્ષોએ ભારે કસરત કરવી પડી હતી.

ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ જાતભાતના ખેલ રચાઈ રહ્યા છે. ઉમેદવારોની યાદી જાહેર કરાયા બાદ તો દરેક બેઠક પર અલગ અલગ ખેલ રચાઈ રહ્યા છે. ભાજપે ૧૬૬ ઉમેદવારોની મોટી યાદી જાહેર કરી છે અને તેમાં અડધા ઉપરાંત સીટીંગ ધારાસભ્યો અને જૂના જોગીઓને ટીકીટ આપી ન હોવાથી ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. વડોદરા જિલ્લાની ત્રણ બેઠકો પર ઉકળતા ચરૂ જેવી સ્થિતિ છે. વાઘોડિયા, કરજણ અને પાદરા બેઠકના સીટીંગ અને પૂર્વ ધારાસભ્યોના પત્તા કપાતા તેમણે અપક્ષ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. આથી ગૃહમંત્રી હર્ષ સંઘવી વાઘોડિયા પહોંચ્યા હતા અને ડેમેજ કંટ્રોલનો પ્રયાસ કર્યો હતો. આ ત્રણ બેઠકો પર નારાજ ઉમેદવારોના કારણે ભાજપને નુકશાન ન જાય તે માટે તેઓને સમજાવવામાં આવી રહ્યા છે. વડોદરાના અન્ય એક ધારાસભ્ય યોગેશ પટેલ પણ નારાજ હોવાનું જાણવા મળ્યુ છે. કોંગ્રેસના તો નારાજ ઉમેદવારો તુરંત જ પક્ષ પલ્ટો કરવાની રાહ જોઈને જ બેઠા હોય તેમ લાગી રહ્યુ છે. ચૂંટણી ટાણે જ કેટલાક ધારાસભ્યો કેસરીયો ધારણ કરી રહ્યા છે. હજુ પણ ઘણા કાર્યકરોના રાજીનામા પડવાની સંભાવના હોઈ કોંગ્રેસે પણ પોતાના જૂના ગઢ સાચવી લેવા ભારે પ્રયાસો કરવા પડી રહ્યા છે.

# @-ઈલેક્શન

- ભાજપે પ્રથમ તબક્કામાં સમાવેશ પામેલ બાકીની છ બેઠકોના ઉમેદવારોની યાદી જાહેર કરી.
- કોંગ્રેસે અશોક ગેહલોતની ઉપસ્થિતિમાં મેનીફેસ્ટો જાહેર કર્યો. જેમાં ૩૦૦ યુનિટ વીજળી ફ્રી સહિત અનેક વચનોની લ્હાણી કરી.
- આમ આદમી પાર્ટીએ પણ વધુ ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી.
- માતરના ભાજપના ધારાસભ્ય કેસરીસિંહે ૩૯ કલાકમાં પલ્ટી મારી આપમાંથી ફરી ભાજપમાં ફરવાનો દાવો કર્યો.
- દાણીલીમડાના કોંગ્રેસના ઉમેદવાર શૈલેષ પરમારે પાર્ટીના લોકો જ વિરોધ કરી રહ્યાનું જણાવ્યુ હતુ.
- વડોદરા જિલ્લાની ત્રણ બેઠકો પર નારાજગીના સૂર : ભાજપના નારાજ દિગ્ગજોને મનાવવા ડેમેજ કંટ્રોલ કરાશે : મધુ શ્રીવાસ્તવ, સતીશ પટેલ અને દિનુ પટેલ સાથે સીર.આર. પાટીલ બેઠક કરે તેવી શક્યતા : ત્રણેય નેતાઓ અપક્ષ લડવાની કરી ચૂક્યા છે જાહેરાત.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ મહેન્દ્ર પાડલીયા ધોરાજીમાંથી ચૂંટણી લડશે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહાનગરોમાં રોડ શો અને જિલ્લા મથકો પર ૨૫ જાહેરસભાઓ ગજાવશે.
- ભાવનગરના રાજુ સોલંકીને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સહમંત્રી તરીકે નિમણૂંક અપાઈ.
- રાજકોટ દક્ષિણના ઉમેદવાર રમેશ ટીલાળા સૌથી ધનિક ઉમેદવાર : સંપત્તિ ૧૫૭ કરોડ દર્શાવાઈ
- ખેડબ્રહ્મામાં બીપીટીના ૨૫ કાર્યકરો ભાજપમાં જોડાયા.
- ભાજપની બાકીની ૧૬ બેઠકો માટે અને કોંગ્રેસની ૮૬ બેઠકોનુ કોકડુ ગુંચવાયુ.

# જિલ્લામાં યુવા મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવશે

## ૧૮ થી ૨૦ વર્ષના ૨,૯૫,૨૫૮ મતદારો તો ૩૦ થી ૩૯ વર્ષની વયના ૩,૩૪,૦૪૫ નોંધાયેલા મતદારો છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના નોંધાયેલા મતદારો ૨૮,૦૧૧ છે અને આ વિધાનસભા જંગમાં પ્રથમવાર મતદાન કરશે.

જિલ્લામાં આમ તો યુવા મતદારોની સંખ્યા વધુ છે અને હવે રાજકીય ભાવિના વિધાતા તેઓ બનશે. જિલ્લામાં ૨,૯૫,૨૫૮ મતદારો જે ૩૦ વર્ષ સુધીની વય ધરાવતા નોંધાયેલા છે.

જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વયના સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ) માં ૭૪૮૬ નોંધાયા છે. આ પછી કલોલ વિધાનસભામાં ૫૫૯૩, માણસામાં ૫૪૬૪, દહેગામમાં ૪૯૦૮ અને ગાંધીનગર (ઉ) માં ૪૫૬૦ આ મતદારો નોંધાયા છે.

૨૦ થી ૧૯ વર્ષના વયજૂથમાં ગાંધીનગર (દ)માં ૭૩,૪૪૦, કલોલમાં ૫૨,૧૮૦, દહેગામમાં ૪૯,૧૫૫ ગાંધીનગર(ઉ)માં ૪૭,૫૫૦ તો માણસામાં ૪૪૯૨૨ મતદારો નોંધાયેલા છે. જિલ્લામાં ૨૦ થી ૨૯ વર્ષની વયજૂથમાં ૨,૬૭,૨૪૭ મતદારો નોંધાયેલા છે.

જિલ્લામાં ૩૦ થી ૩૯ વર્ષના વયજૂથમાં સૌથી વધુ મતદારો નોંધાયા છે. આ મતદારોની સંખ્યા ૩,૩૪,૦૪૫ છે.

આ વયજૂથના મતદારો આ ચૂંટણીમાં નિર્ણાયક બનશે. ગાંધીનગર (દ)માં આ વયજૂથમાં ૯૫,૧૭૬, ગાંધીનગર (ઉ)માં ૬૩,૭૪૭, કલોલમાં ૬૩,૨૪૮, માણસામાં ૫૭,૦૩૬ અને દહેગામમાં ૫૪,૮૩૮ છે.

જિલ્લામાં ૪૦ થી ૪૯ વયજૂથમાં ૨,૬૭,૧૫૮ નોંધાયેલા મતદારો છે. જેમાં ગાંધીનગર (દ)માં ૭૬,૦૩૭, કલોલમાં ૫૦,૪૦૦, ગાંધીનગર (ઉ)માં ૫૦,૨૦૮, માણસામાં ૪૬,૭૪૫, દહેગામમાં ૪૩,૭૬૮ નોંધાયેલા મતદારો છે.

૨૦ થી ૫૦ વર્ષની વયજૂથના નોંધાયેલા મતદારોની સંખ્યા ૮,૬૮,૫૫૦ થાય છે. જ્યારે ૧૮ થી ૨૯ વર્ષની વયજૂથના મતદારોની સંખ્યા ૨,૯૫,૨૫૮ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં શતાયુ મતદારો સૌથી વધુ ગાંધીનગર (ઉ)માં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં શતાયુ મતદારો સૌથી વધુ ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયેલા છે. જિલ્લામાં શતાયુ મતદારોની સંખ્યા ૨૬૦ની છે.

ગાંધીનગર (ઉ)માં ૬૧, ગાંધીનગર (દ)માં ૫૯, માણસામાં ૫૩, દહેગામમાં ૫૦ અને કલોલમાં ૩૭ મતદારો શતાયુ કે તેથી વધુની આયુ ધરાવતા મતદારો નોંધાયેલા છે.

# કામિનીબાના સમર્થકોએ આજે દહેગામમાં શક્તિ પ્રદર્શન કર્યુ

## આયાતી ઉમેદવાર નહિ સાંખી લેવાય તેવી ચીમકી પણ ઉચ્ચારી : કામિનીબાને રિપીટ કરવામાં આવે તેવો સૂર વ્યક્ત કરાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની દહેગામ વિધાનસભા બેઠક માટે ભાજપે તેના વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ પર પસંદગી ઉતારી છે જ્યારે કોંગ્રેસમાં ઉમેદવારની પસંદગીને લઈ કોકડુ ગુંચવાયેલુ છે ત્યારે આજે પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડના સમર્થકોએ આજે શક્તિ પ્રદર્શન કર્યુ હતુ. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની આ હોમ પીચ છે. તેઓ અહિંથી બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને આ પછી સાંસદ બન્યા હતા.

કામિનીબાનો ગત ચૂંટણીજંગમાં આ બેઠક પર બલરાજસિંહ સામે પરાજય થયો હતો. જો કે એ પૂર્વે તેઓ ધારાસભ્ય પદે હતા. કામિનીબા રાઠોડના સમર્થકોએ આજે મહાસુખનાથજીની વાડી ખાતે શક્તિ પ્રદર્શન કર્યુ હતુ. જેમાં કામિનીબાને રિપીટ કરવામાં આવે તેવો સૂર વ્યક્ત કરાયો હતો. એટલુ જ નહિ આયાતી ઉમેદવારની પસંદગી કરાશે તો પરિણામ ભોગવવાની તૈયારી રાખવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

**દહેગામ બેઠકને રાજકીય વર્તુળો મહત્વની લેખાવી રહ્યા છે**

દહેગામ બેઠક પર કોંગ્રેસમાંથી કોને ટિકિટ મળી રહી છે તેને લઈ ઉત્કંઠા પ્રવર્તી રહી છે. પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર નવો ચહેરો આવતા ઉત્સુક હોવાનુ જાણવા મળેલ છે. જો કે કામિનીબા પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. જો તેમ કરવામાં આવે તો દહેગામ કોંગ્રેસમાં ભડકો થશે અને મોટુ ગાબડુ પડે તેવી ભીતિ છે.

હાલ તો દહેગામ બેઠકને લઈ મામલો ગુંચવાયો છે. બીજી તરફ મહેન્દ્રસિંહ વાઘેલાની પસંદગી આ બેઠક પર કરવામાં આવે તેવી વાતો પણ રાજકીય ગલિયારીઓમાં થઈ રહી છે. જો કે વાઘેલા દહેગામ નહિ પણ બાયડ પર વધુ આગ્રહી બન્યા હોય તેવુ લાગે છે.

જિલ્લામાં કોંગ્રેસ પક્ષે અત્યારે માત્ર ગાંધીનગર (દ) બેઠક પર જ નામની જાહેરાત કરી છે. જિલ્લામાં બાકી રહેલી ચારેય બેઠકો પર જ્ઞાતિના સમીકરણો તેમજ વર્તમાન રાજકીય સ્થિતિ પર કોંગ્રેસમાં હાલ મંથન ચાલી રહ્યુ છે. દહેગામ બેઠકને રાજકીય વર્તુળો મહત્વની લેખાવી રહ્યા છે.

# પોલિંગ ઓફિસરોને તાલિમ આપવામાં આવી રહી છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણીની ફરજો બજાવનાર પ્રિસાઈડિંગ ઓફિસરોને આજે તાલિમ આપવામાં આવશે.

વિધાનસભાની પાંચેય બેઠક પર ૧૧, ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ આ તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે.

બે ભાગમાં આ તાલિમ આપવામાં આવશે. આ સાથે પોલિંગ ઓફિસરોને તાલિમ આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે. તેમનો પણ બે તબક્કામાં તાલિમ આપવામાં આવશે. આ તાલિમ સવારે ૯ વાગ્યાથી શરૂ થશે અને સાંજે ૫.૩૦ સુધી ચાલશે.

જિલ્લામાં ચૂંટણીની કામગીરી માટે ૬ હજાર જેટલા કર્મયોગીઓની ફાળવણી કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામમાં ૧૧મીએ તાલિમ આપવામાં આવી છે. ગાંધીનગર (દ)માં ૧૨મીએ તાલિમ આપવામાં આવી છે અને આજે પણ તાલિમ અપાશે. ગાંધીનગર (ઉ)માં ૧૩મીએ, માણસામાં ૧૩મીએ તાલિમ અપાશે. જ્યારે કલોલમાં ૧૨મીએ તાલિમ અપાઈ છે.

# સંસ્થાઓને ફાળવવામાં આવેલા આવાસ મામલે આકસ્મિક તપાસ હાથ ધરાશે

## અન્યને રહેણાંક માટે આપી દેવાયા હશે તો માર્કેટ દર મુજબ ભાડું વસુલવામાં આવશે

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેક્ટરોમાં સ્થિત સરકારી આવાસો કર્મચારીઓ અધિકારીઓ સહીત વિવિધ સંસ્થાઓને પણ ફાળવવામાં આવે છે જયારે નગરના સરકારી આવાસોમાં અનઅધિકૃત વસવાટ હોવાના કિસ્સા પણ સામે આવે છે જયારે કેટલાક કિસ્સામાં સંસ્થાને આવાસની ફાળવણી થયા બાદ તેના અધિકારીના બદલે અન્ય કોઈને આવાસ ભાડે આપવામાં આવતા હોવાની ફરિયાદના લીધે રોષ ઉઠવા પામ્યો છે જેના અંતે આગામી દિવસોમાં તંત્ર દ્વારા આ મામલે આકસ્મિક તપાસ કરવામાં આવશે જયારે આવા કિસ્સા ધ્યાને આવશે તો આવાસ ની ફાળવણી રદ કરી માર્કેટ દરે ભાડું વસુલવામાં આવશે

શહેરમાં સરકારી આવાસની ઘટ પાછળ જોખમી મકાનો ની સાથે અનઅધિકૃત કબ્જેદારોની સંખ્યા પણ જવાબદાર છે જયારે સંસ્થાઓ દ્વારા પણ આવાસ અન્યને રહેવા માટે આપી દેવતા હોવાનો રોષ ઉઠ્યો છે જયારે આગામી દિવસોમાં ભાડે આપી દીધાના કિસ્સામાં તો બજાર દર પ્રમાણે ભાડું વસૂલવામાં આવશે. આવા કિસ્સામાં સરકારને ભાડાની આવક ઘટે છે. નાના કર્મચારીને અપર ક્લાસનું આવાસ મળી ગયુ હોય ત્યારે તે આવાસ જ જો ઉચ્ચ અધિકારીને ફાળવવામાં આવ્યુ હોય તો સરકારને ભાડાની આવક વધુ મળે છે. જ્યારે સંસ્થા તો તેને થયેલી ફાળવણી પ્રમાણેનું ભાડું ભરતી હોય છે. સરકારી નિયમ મુજબ નગરમાં બાંધવામાં આવેલા સરકારી આવાસ બેંક, એરફોર્સ, શાળા અથવા સ્વૈચ્છિક સંસ્થાને પણ ધારા ધોરણોને અનુસરીને ફાળવવામાં આવ્યા પછી તેઓ તેમના કોઈપણ કર્મચારીને ઉપરોક્ત આવાસ રહેવા આપી દે છે. આ ઉપરાંત તેમના દ્વારા આવાસ પેટા ભાડે આપી દેવાયાના કિસ્સા પણ બનતા રહે છે.

પાટનગર યોજના વિભાગના અધિકારી સુત્રોએ જણાવ્યું કે તાજેતરમાં જ સરકારી આવાસોમાં રહેતા કબ્જેદારોની વિગતો ફોટોગ્રાફ સાથે એકત્ર કરાવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં તેના સંબંધમાં આકસ્મિક તપાસનો દોર પણ ચલાવવામાં આવશે. તે દરમિયાન સંસ્થાઓના કિસ્સામાં જો પેટા ભાડેથી આવાસ આપી દેવાયુ હોવાનું બહાર આવશે તો ફાળવણી રદ કરવા ઉપરાંત જે તે સંસ્થા પાસેથી બજાર દર પ્રમાણે ભાડાની વસૂલાત કરવાની કાર્યવાહી કરવામાં આવશે.





ગાંધીનગર જિલ્લા કલેક્ટર વ જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પ્રવિણા ડી. કે. તથા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલે માણસા વિધાનસભા મત વિસ્તારમાં કોલેજ ખાતે ઉભા કરાયેલ સ્ટ્રોંગરૂમ તેમજ કેટલાક મતદાન મથકોની મુલાકાત લઈ ચાલી રહેલી તૈયારીઓ અંગે સમીક્ષા કરી કેટલાક સૂચનો કર્યા હતા.

# અમદાવાદથી રાત્રિના સમયે ગાંધીનગર આવવા માટે બસ ન મળતા અપડાઉનકર્તાઓમાં રોષ

## જુનાગઢ અને અંબાજી રૂટની બસ પણ અનિયમિત સમય પ્રમાણે ન ઉપડતા મુસાફરોએ રજુઆત કરી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર એસ ટી ડેપોમાં છેલ્લા કેટલાક સમયથી બહારગામના રૂટમાં દોડતી બસ સેવા સમયસર મળતી નથી અંબાજી અને જુનાગઢની બસ પણ વહેલી મોડી ઉપડતા મુસાફરો ધક્કે ચઢે છે. જયારે અમદાવાદથી ગાંધીનગર આવવા માટે પણ રાત્રિના સમયે બસ ન મળતી હોવાનો રોષ અપડાઉનકર્તાઓ ઠાલવી રહ્યા છે. સ્થાનિકોએ આ મામલે બસ સેવાનુ સંચાલન યોગ્ય રીતે થાય તેવી રજુઆત પણ ડેપો કક્ષાએ કરી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં દિવાળી બાદ બહારગામના રૂટમાં દોડતી બસો અનિયમિત થઈ ગઈ છે. અલબત્ત જુનાગઢ અને અંબાજી રૂટની બસ સમયસર ન ઉપડતા મુસાફરોએ લાંબા સમય સુધી સ્ટેન્ડ પર રાહ જોવી પડે છે. બસ તેના સમય કરતા વહેલી મોડી ઉપડી જતા મુસાફરો પણ ઘણીવાર અટવાય છે. જયારે શહેરી બસ સેવા પણ છેલ્લા કેટલાક સમયથી પ્રભાવિત છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસો પણ દોડતી થઈ છે. થોડા સમય અગાઉ જ ડેપોને નવી બસો પણ ફાળવવામાં આવી છે. જયારે હજુ પણ આગામી દિવસોમાં ડેપોને વધુ નવી બસો આપવામાં આવશે ત્યારે શહેરી બસ સેવા પણ અપડાઉનકર્તાઓને સમયસર અને નિયમિત ઉપલબ્ધ થશે તેવી આશ બંધાઈ છે. કોરોના કાળ બાદ ગાંધીનગર જિલ્લામાં બસ સેવાના વિવિધ રૂટ પણ પ્રભાવિત છે. જેના લીધે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને સલામત સવારી નસીબ ન થતી હોવાનો કકળાટ પણ પ્રબળ બન્યો છે. આ સ્થિતિ વચ્ચે શહેર આસપાસના ગામના રહેવાસીઓએ પણ અનેકવાર ડેપો કક્ષાએ રજુઆત કરી છે. બસ સેવાના અભાવે સ્થાનિકોએ ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરવાનો વારો આવે છે. એસ ટી ડેપો કક્ષાએથી ધાર્મિક વારે તહેવારે તહેવારે વધારાની બસો પણ દોડાવવામાં આવે છે. મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખી વધારાની બસો દોડાવી વધુ આવક પણ કરવામાં આવે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી બહારગામના રૂટમાં દોડતી બસ સેવાનુ સંચાલન જાણે ખોરવાઈ ગયુ હોય તેવી સ્થિતિ છે. ડેપો સંકુલમાં જુનાગઢ તેમજ અંબાજીના રૂટમાં બસ સેવા માટે રાહ જોતા મુસાફરોને સમયસર બસ મળતી નથી બસ તેના નિયત સમય કરતા મોડી હોવાથી મુસાફરોએ પારાવાર પરેશાની વેઠવી પડે છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસ સેવા પણ પ્રભાવિત થઈ છે. રાત્રિના સમયે જેટલી સરળતાથી ગાંધીનગરથી અમદાવાદ જવા માટે બસ મળે છે તે મુજબ અમદાવાદથી ગાંધીનગર આવવા માટે ઝડપથી બસ મળતી નથી તેવો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે જેને અનુલક્ષીને યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

# કલોલના ડિંગુચા ગામે ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છ દિવસના વિરામ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો છુટાછવાયા લોકલ ટ્રાન્સમિશનથી નોંધાઈ રહ્યા છે. જો કે તંત્ર સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરી રહેલ છે. શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૦.૫૦ ટકા નોંધાયો છે.

જિલ્લાના કલોલ તાલુકાના ડિંગુચા ગામે ૬૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. શ્રમિક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી તંત્ર ચિંતાતુર બન્યુ છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ છ દિવસ બાદ નોંધાયેલા એક કેસને પગલે ૬૨ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

# બ્રહ્મસમાજ સ્નેહમિલન કાર્યક્રમમાં જ હૃદયરોગના હુમલામાં પૂર્વ પ્રમુખ હસમુખભાઈ ઠાકરનું નિધન

ગાંધીનગર, તા.૧૨



સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના શનિવારે સાંજે યોજાયેલા સ્નેહ સંમેલન દરમિયાન જ સમાજના પૂર્વ પ્રમુખ હસમુખભાઈ ઠાકરનો હૃદયરોગનો હુમલો આવતા ગણતરીની મિનિટોમાં જ બ્રહ્મભવન ખાતે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.

શનિવારે યોજાયેલા સ્નેહ સંમેલનના કાર્યક્રમમાં મંચ ઉપર મહાનુભાવોની સાથે પૂર્વ પ્રમુખ હસમુખભાઈ ઠાકરે સ્થાન લીધું હતું અને સમાજ દ્વારા તેમનું સન્માન પણ કરાયું હતું. સ્ટેજ કાર્યક્રમ બાદ ભોજન સ્થળે જતા અચાનક જ હસમુખબાઈ ઢળી પડ્યા હતા અને બ્રહ્મભવન હોલમાં જ તેમનું નિધનના સમાચારથી સમગ્ર સમાજમાં ભારે શોકની લાગણી પ્રસરી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com